## મોટા વરાછામાં ઘરનો દરવાજો લોક થઈ જતાં વૃદ્ધ ફસાયા

સુરતઃ સુરતના મોટા વરાછા વિસ્તારમાં આજે બપોરે એક વૃદ્ધ વ્યક્તિ પોતાના ઘરમાં ફસાઈ જવાની ઘટના બની હતી. મોટા વરાછામાં શિવધારા કમ્પાઉન્ડની બાજુમાં આવેલા વર્ધાન લક્ઝરીયા ફ્લેટમાં એક વૃદ્ધ વ્યક્તિ એકલા હતા ત્યારે અચાનક દરવાજો અંદરથી લોક થઈ જવાથી તેઓ ફસાઈ ગયા હતા. આ અંગેની જાણ આસપાસમાં રહેતા જાગૃત નાગરિક હિતેશભાઈને થતા તેમણે તાત્કાલિક સમયસૂચકતા વાપરી ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાંની ઘટના સ્થળે પહોંચેલા ફાયર ફાઈટરોએ ફ્લેટનો મુખ્ય દરવાજો તોડી નાખ્યો હતો અને અંદર પ્રવેશ કરી વૃદ્ધને હેમખેમ બહાર કાઢ્યા હતા.

## વરાછામાં દોડતી કાર અચાનક સળગી ઊઠી

સુરતઃ વરાછા શ્યામધામ મંદિર પાસે આવેલી પંચવટી સોસાયટીના ગેટ પાસેથી એક હોન્ડા એસ્ટીમ કાર પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક તેના બોનેટના ભાગમાં વાયરિંગમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આખી કાર ભડભડ સળગી ઊઠી હતી. ઘટનાની જાણ થતા જ વરાછા ફાયર સ્ટેશનની ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી કારમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આગ લાગતાની સાથે જ કારમાં સવાર સમયસૂચકતા વાપરી નીચે ઉતરી ગયા હોવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી.

## હાઇબ્રિડ ગાંજા કેસમાં આરોપીના જામીન મંજૂર

સુરતઃ ડીસીબી પોલીસ સ્ટેશન દ્વારા સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર હાઇબ્રિડ ગાંજા સાથે પકડાયેલા આરોપીને ગુજરાત હાઇકોર્ટે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. ડીસીબી પોલીસે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર બેંગકોક મુકામેથી હાઇબ્રિડ ગાંજો લઇને આવનાર આરોપી જાફર ખાન ઉર્ફે જાફર મોબાઈલવાલાની ૪.૫ કિલો હાઇબ્રિડ ગાંજા સાથે ધરપકડ કરી હતી. ડીસીબી પોલીસે સ્પેશ્યલ એનડીપીએસ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતાં આરોપી તરફે જામીન મુક્ત થવાની અરજી કરતાં કોર્ટે નામંજૂર કરી હતી. ત્યારબાદ આરોપી તરફે ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરતાં ગુજરાત હાઇકોર્ટના જસ્ટીસએ આરોપીને જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો. શહેર સુરત મુકામે આરોપીના બચાવની કામગીરી વકીલ વિરલ એસ. ચલીઆવાલા, માયા એ. ખોખર કરી રહ્યાં છે.

## અશ્વિનીકુમાર રોડ પર ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો યુવક ઝડપાયો

સુરતઃ અશ્વિનીકુમાર પટેલનગર પાસે ઓનલાઈન ક્રિકેટ મેચ પર હારજીતનો જુગાર રમતા એક ઇસમને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, અશ્વિનીકુમાર પોલીસને માહિતી મળી હતી કે પટેલનગર સોસાયટી પાસે જાહેરમાં એક વ્યક્તિ મોબાઈલ ફોનમાં ઓનલાઈન વેબસાઈટ પર જુગાર રમી રહ્યો છે. તે બાતમીના આધારે રાજેશ વ્રજલાલ લાલચેટા (રહે., શીતલ હાઈટ્સ, કોસાડ ક્રોસ રોડ, અમરોલી) ને પકડી પાડ્યો હતો. આરોપી www.allpanel247.com નામની વેબસાઈટ પર યુઝર આઈ.ડી. 'mama2200' અને પાસવર્ડ 'Raj12345' હોવાનું કબૂલ્યું હતું. અશ્વિનીકુમાર પોલીસે આ મામલે ગુનો નોંધી રૂ. 15,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને વધુ તપાસ શરૂ કરી છે.

# કોરોનાના 5 વર્ષ બાદ ફરીથી સુરતમાં આજે પુસ્તક મેળો

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદ્‌ઘાટન કરાશે



સુરતઃ કોરોનાકાળ બાદ ભુલાઈ ગયેલા પુસ્તકમેળો આખરે મનપા દ્વારા 5 વર્ષ બાદ આયોજિત કરવામાં આવી રહ્યો છે. નર્મદ યુનિ. ખાતે તા.22થી 1લી માર્ચ સુધી સાહિત્ય, પ્રકૃતિ અને કલાના ત્રિવેણી સંગમ સમાન મેળો યોજાશે. આવતીકાલે સવારે 10:00 વાગ્યે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. જેમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો હાજર રહેશે.

આ આઠ દિવસીય મહોત્સવ દરમિયાન સુરતીલાલાઓ માટે વિવિધ જ્ઞાનવર્ધક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર ભાથું પીરસવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે સાયન્સ ક્વિઝ, સ્ટોરી રાઈટિંગ અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બાગાયત મેળામાં પ્રકૃતિ પ્રેમીઓ માટે પુષ્પોનું પ્રદર્શન અને ખેતી વિષયક માર્ગદર્શન મળશે, જ્યારે શિલ્પગ્રામમાં કલા-કારીગરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ આકર્ષણનું કેન્દ્ર બનશે.

### BRTSના કેટલાક રૂટોમાં ફેરફાર કરાયા

- રૂટ 12 ઓએનજીસી કોલોનીથી સારથાણા નેચર પાર્કને અણુવ્રત દ્વાર સુધી, રૂટ 140 ઓએનજીસી કોલોનીથી જહાંગીરપુરાને મગદલ્લા સુધી, અને રૂટ 15AA તથા 15CC અલ્થાણ ડેપોની રાઉન્ડ ટ્રીપને અણુવ્રત દ્વાર સુધી મર્યાદિત કરાઈ છે. રૂટ 136 સુરત એરપોર્ટથી રેલવે સ્ટેશન અને રૂટ 206 ડુમસ લંગરથી ચોક ટર્મિનલ તેમજ રૂટ 216B અને 216K ને મગદલ્લા સુધી ટૂંકાવવામાં આવ્યા છે. તેવી જ રીતે રૂટ 706 જહાંગીરપુરાથી એસડી જૈન સ્કૂલ, રૂટ 126R રેલવે સ્ટેશનથી યુનિવર્સિટી અને રૂટ 506 ડિંડોલીથી યુનિવર્સિટીને અણુવ્રત દ્વાર સુધી મર્યાદિત કરાયા છે. રૂટ 226J કોસાડ ગામથી યુનિવર્સિટીને કારગિલ ચોક સુધી, રૂટ 106R રેલવે સ્ટેશનથી આભવા ગામને એસડી પ્લેનેટ સ્કૂલ સુધી, રૂટ 146 રેલવે સ્ટેશનથી ગેઈલ ઇન્ડિયાને શ્યામ પેલેસ સુધી અને રૂટ 716 સાઈ પૂજન રેસીડેન્સીથી ગેઈલ ઇન્ડિયાને રત્ન જ્યોતિ ટાવર સુધી કાર્યરત રાખવામાં આવશે. આ તમામ રૂટો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ટ્રાફિક પોલીસની સૂચના મુજબ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

## ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષના કારાવાસની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં આરોપીને ચીફ કોર્ટે એક વર્ષની સજા ફટકારી છે. સજા વખતે આરોપી હાજર ન હોવાથી વોરંટ જારી કરવામાં આવ્યું હતું. ફરિયાદી પ્રદિપભાઇ પ્રેમજીભાઇ વરીયાએ મિત્રતાને નાતે આરોપી અશોકભાઈ કાકલોતરને ફ્લેટ ખરીદીમાં મદદરૂપ થવા માટે એક લાખ રુપિયા ચાર મહિનાના વાયદે આપ્યાં હતાં. આ લેણી રકમનો ચેક આપતાં તે ચેક રિટર્ન થયો હતો. જેથી ફરિયાદીએ વકીલ એન એમ વઘાસીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી ચાલી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી અશોકભાઇ નાગજીભાઇ કાકલોતરને ધી નેગોવિશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને ચેકની રકમથી બમણી રકમ વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે.

# મનપાના લાંચિયા ગણેશવાલાએ પુત્રના વૈભવી લગ્ન કર્યા હતા

**ગણેશવાલાએ** દીકરાના લગ્નમાં દોઢ કરોડનો ખર્ચો કર્યો હોવાની ભારે ચર્ચા

**હોદ્દો** ટકાવી રાખવા માટે રાજકીય નેતાને મહિને 20-25 લાખ આપતો હતો

સુરતઃ લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા સામે નોંધાયેલા લાંચ કેસ બાદ હવે તેમની વૈભવી જીવનશૈલી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. દીકરાના લગ્ન પ્રસંગે દોઢ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરાયો હોવાની તેમજ દર છ મહિને નવી લક્ઝરી કાર ખરીદાતી હોવાની ચર્ચાઓ શહેરમાં જોર પકડી રહી છે. સાથે સાથે એક રાજકીય નેતાને દ્વારા મહિને 20થી 25 લાખ રૂપિયાનો હપ્તો પણ અપાતો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

### ગણેશવાલાના કાર્યકાળની તમામ નોટિસો રદ કરવા કોંગ્રેસની માંગ

સુરતઃ સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા લિંબાયત ઝોન કચેરી ખાતે ભ્રષ્ટાચારી અધિકારીઓ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે સુરત મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરતાં જણાવ્યું છે કે, મનપાની છબી ખરડાવનારા ગણેશવાલાએ પોતાના કાર્યકાળ દરમિયાન જેટલી પણ બાંધકામની નોટિસો આપી છે તે તમામ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે.

સૂત્રો મુજબ, લાચિયા વિપુલ ગણેશવાલાના નિવાસસ્થાને યોજાયેલા દીકરાના લગ્ન સમારંભે ભવ્યતા અને ઢોલધામનો દેખાવ જોવા મળ્યો હતો. શહેરની પ્રતિષ્ઠિત કેટરિંગ સેવા, આકર્ષક સજાવટ અને વિશાળ મહેમાન યાદી વચ્ચે થયેલા આ સમારંભનો અંદાજિત ખર્ચ દોઢ કરોડ રૂપિયા આસપાસ પહોંચ્યો હોવાની ચર્ચા છે. તપાસ એજન્સીઓ હવે આ ખર્ચ અને અધિકારીની સત્તાવાર આવક વચ્ચેના તફાવત પર નજર ગોઠવી રહી હોવાનું જાણવા મળે છે.તે ઉપરાંત, ગણેશવાલાની રહેણી-કરણી અંગે પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે તેઓ દર છ મહિને નવી લક્ઝરી કાર ખરીદતા હતા. મોંઘી બ્રાન્ડની ગાડીઓ તેમની રહેણાંક પાસે જોવા મળતી હોવાની વાતો સામે આવી રહી છે. આ સતત બદલાતી ગાડીઓ અને ઊંચી જીવનશૈલીને લઈને 'આવકના સ્ત્રોત' અંગે સવાલો ઉઠી રહ્યા છે. ચર્ચાઓમાં વધુ એક ગંભીર મુદ્દો એ છે કે એક રાજકીય નેતાને ગણેશવાલા તરફથી દર મહિને 20થી 25 લાખ રૂપિયાનો હપ્તો પણ આપવામાં આવી રહ્યો હતો. જોકે આ દાવાની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# ૩૫ લાખની લૂંટની તપાસ પૂણે પહોંચી

**સીસીટીવી** ફૂટેજમાં આરોપીઓ શહેર બહાર ભાગતા દેખાયા, ખોટી નંબર પ્લેટનો ઉપયોગ કર્યો હોવાનો ખુલાસો

**લૂંટ** કરી ફરાર થયેલા આરોપીઓ ક્રાઈમ બ્રાંચના હાથવેંતમાં

સુરતઃ રાંદેર મોરાભાગળ વિસ્તારમાં ભરબપોરે બિલ્ડરની કારને નિશાન બનાવી ૩૫ લાખની હાઈ-પ્રોફાઈલ લૂંટના મામલે રાંદેર પોલીસની એક ટીમ છેક પુણે સુધી તપાસ માટે પહોંચી ગઈ છે, જ્યારે બીજી તરફ ક્રાઈમ બ્રાંચ લૂંટારાઓની એકદમ નજીક હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

ગત રોજ રામનગરથી મોરાભાગળ ચાર રસ્તા વચ્ચેથી પસાર થઈ રહેલા બિલ્ડર શીવરત વિનોદકુમાર પુનીયાની ફોર્ચ્યુનર કારને એક બાઈક સવારે ટક્કર મારી હતી. અકસ્માત થયો હોવાનું સમજી બિલ્ડર અને તેમના ભાઈ કારમાંથી નીચે ઉતર્યા હતા. આ તકનો લાભ લઈ મોપેડ પર આવેલા અન્ય બે સાથીદારે કારનો કાચ તોડી, આંગડિયામાંથી લાવેલા રૂ. ૩૫ લાખની રોકડ ભરેલી બેગની લૂંટ ચલાવી ફિલ્મી ઢબે ફરાર થઈ ગયા હતા. પોલીસને શંકા છે કે આ લૂંટ પાછળ દક્ષિણ ભારત, કર્ણાટક કે મુંબઈની આંગડિયા પેઢીઓને ટાર્ગેટ કરતી છારા ગેંગ, મદ્રાસી ગેંગ, ભાઠા ગેંગ અથવા ઈરાની ગેંગનો હાથ હોઈ શકે છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે લૂંટારાઓએ ગુનામાં વપરાયેલી બાઈક અને મોપેડ પર ખોટી નંબર પ્લેટ લગાવી હતી. સીસીટીવી ફૂટેજ ચકાસતા માલૂમ પડ્યું છે કે આરોપીઓ શહેરની બહારથી આવ્યા હતા અને લૂંટને અંજામ આપી બારડોલી થઈ મહારાષ્ટ્ર તરફ ભાગી છૂટ્યા છે. આરોપીઓએ એક દિવસ પહેલાં રેકી કરીને અકસ્માતનું સ્ટંટ રચ્યું હતું. હાલમાં રાંદેર પોલીસ પુણેમાં ધામા નાખીને બેઠી છે, ત્યારે સુરત ક્રાઈમ બ્રાંચ પણ આંતરરાજ્ય ગેંગના મૂળ સુધી પહોંચવા માટે કવાયત કરી રહી છે. આગામી ૨૪ કલાકમાં આ કેસમાં મોટો ધડાકો થવાની શક્યતા સેવાઈ રહી છે.

### ક્રાઇમબ્રાંચના પીઆઇ અને 50 જવાન આરોપીઓની શોધખોળમાં

લૂંટની તપાસમાં ક્રાઇમ બ્રાંચના 7 પીઆઇ, 50 જવાનની ટીમ બનાવીને તપાસ શરૂ કરી છે. જેમાં એક ટીમ દ્વારા સીસીટીવીના રિવર્સ ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે. તો બીજી ટીમ દ્વારે બનાવ બાદના ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે. જ્યારે આંગડિયા પેઢી પાસેના પણ ફુટેજ ચેક કરી રહી છે.

# લગ્નના બે જ મહિનામાં પરિણીતાનું એસિડપાન, અન્ય બેના પણ આપઘાત

સુરતઃ સુરતમાં અલગ અલગ બનાવમાં ત્રણ મહિલાએ આપઘાત કરી જીવન ટૂંકાવી લીધું હતું.

જેમાં પ્રથમ બનાવમાં મૂળ રાજકોટના ઉપલેટાના વતની અને હાલ રાંદેરની સંત તુકારામ સોસાયટી વિભાગ-૨માં રહેતા અને 15 વર્ષથી માનસિક બીમારીથી પીડાતા ૫૨ વર્ષીય જયશ્રી અરજણવાળાએ ગઈકાલે બપોરે રસોડામાં ફાંસો ખાઈ લીધો હતો. બીજા બનાવમાં ડિંડોલી નવાગામ પાસે બિલિયા નગરમાં રહેતા અને મજૂરી કામ કરતાં રંજન પ્રતાપ સિંઘની પત્નિ સોનીદેવી (ઉં.વ.૩૦)એ આર્થિક તંગીને કારણે શુક્રવારે ફાંસો ખાઈ લીધો હતો.

ત્રીજા બનાવમાં મૂળ અમરેલીના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારના ક્રિષ્નાનગર સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતાં હિંમત પરમારની પત્ની ચેતલબેનએ (ઉં.વ.૨૦) શુક્રવારે બપોરે એસિડ ગટગટાવી લીધું હતું. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. મૃતકના બે મહિના પહેલાં જ લગ્ન થયા હતા.

હાઈકોર્ટનાં જજોની હાજરીમાં સકારાત્મક પરિણામ

# કોર્ટ બિલ્ડિંગ માટે મગદલ્લા જવા વકીલ મંડળ તૈયાર

**જસ્ટિસ** સુપેહીઆ, વોરા, રાવલ, ડિસ્ટ્રીક્ટ જજ ત્રિવેદી, રેસિ. કલેક્ટર રબારી તથા વકીલ મંડળ અને સુરત સિટી એડવોકેટ એસો.ની બેઠકમાં સૂર મળ્યો

સુરતઃ છેલ્લાં લાંબા સમયથી કોર્ટ બિલ્ડિંગની જમીન માટે ચાલતાં ગજગ્રાહનો આજે હાઈકોર્ટનાં જસ્ટીસોની હાજરીમાં સકારાત્મક પરિણામ આવ્યું હતું. કોર્ટ બિલ્ડિંગ માટે મગદલ્લા જવા વકીલ મંડળે તૈયારી દર્શાવતા જરૂરી પરવાનગી રાજ્ય સરકાર અને ગુજરાત હાઈકોર્ટમાંથી મેળવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. સુરત ખાતે નવી કોર્ટ બિલ્ડિંગ બાબતે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ એસ સુપેહીઆ, જસ્ટિસ આઈ. જે. વોરા, જસ્ટિસ પી. એમ. રાવલ આજે સુરત આવ્યા હતા અને ડિસ્ટ્રીક્ટ જજ સુરત આર. એ. ત્રિવેદી, રેસિડેન્શિયલ કલેક્ટર વી. એન. રબારી તથા સુરત જિલ્લા વકીલ મંડળ અને સુરત સિટી એડવોકેટ એસોસિએશનના હોદ્દેદારો સાથે સર્કિટ હાઉસ ખાતે એક બેઠક કરી હતી. આ બેઠકમાં મગદલ્લા ખાતેની જમીન સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં સૂચિત કોર્ટ બિલ્ડિંગની જમીન મગદલ્લા ખાતે ફાળવવામાં આવે તો પક્ષકારો અને વકીલને વધુ અનુકૂળ રહેશે તેવો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે રજૂઆતને પ્રાથમિક તબક્કે માન્ય રાખીને આગળ વધવાનું નક્કી કરાયું હતું. આ બેઠકમાં સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, ઉપપ્રમુખ સંજય પટેલ, મંત્રી મુકુંદ રામાણી, સહમંત્રી કવન પટેલ, એલઆર ફેની પટેલ અને ખજાનચી દિવ્યા કોસંબીયા તેમજ સુરત સિટી એડવોકેટ એસોસિએનના પ્રમુખ નિલકંઠ બારોટ તથા સિનિયર વકીલ જતીન ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.

### જજીસની ટીમે મગદલ્લા સ્થિત સૂચિત જમીન સ્થળની મુલાકાત લીધી

આજે સુરત આવેલા હાઈકોર્ટના જજીસની ટીમે મગદલ્લા સ્થિત સુચિત જમીન સ્થળની મુલાકાત લીધી હતી. આ જજીસની ટીમની સાથે કલેક્ટર ડો. સૌરભ પારઘી, નિવાસી કલેક્ટર રબારી પણ ઉપસ્થિત રહ્યા હતા. સૂચિત જમીન મગદલ્લા વીઆર મોલ પાછળ ટીપી સ્કીમ ૫, બ્લોક નં. ૫૫ વાળી છે. આશરે ૭૫૦૦૦ ચોરસ મીટર જગ્યા છે. જાણવા મળ્યા મુજબ ૧૯૯૨માં આ જગ્યા માર્ગમકાન વિભાગને ફાળવાઈ હતી. પરંતુ વપરાશમાં લેવાઈ ન હતી.

### હાલની કોર્ટ બિલ્ડિંગનો ઉપયોગ સબ રજિસ્ટ્રાર કચેરી માટે કરવા વિચારણા

મગદલ્લા સ્થિત સૂચિત જમીન બાબતે કલેક્ટર કચેરી તરફથી પણ સકારાત્મક વલણ અપનાવવામાં આવ્યું છે. જો આ જગ્યા ફાઈનલ થાય તો હાલ કોર્ટ બિલ્ડિંગની જગ્યા સુરત કલેક્ટરને સુપરત થાય તો આ જગ્યાનો ઉપયોગ સબ રજિસ્ટ્રાર કચેરી તરીકે કરી શકાય છે. સુરતની અઠવા, ઉધના, કતારગામ, નવાગામ, અડાજણ, નાનપુરા, કુંભારીયા, હજીરા, અલથાણ રજિસ્ટ્રાર કચેરી એક જ છત નીચે ધમધમી શકે છે.


